©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVII] MONDAY, 03rd AUGUST, 2026/SRAVANA 12, 1948 [No. 5985

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-II EXTRAORDINARY

: અધિસુચના :

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો, ૧૯૭૯

[જુઓ નિયમ ૨૬ (૯)]

નગર રચના યોજના નં.૧ (શામળાજી)(પ્રથમ ફેરફાર)

પ્રારંભિક યોજના

ક્રમાંકઃ ન.ર.યો.નં.૧(શામળાજી)(પ્રથમ ફેરફાર)/પ્રા.યો./અધિસુચના/જનરલ/૧૧૩૭/૨૦૨૬–ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૫૨ની પેટા કલમ(૧) ની જોગવાઈઓ પ્રમાણે તેમજ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો, ૧૯૭૯ના નિયમ-૨૬ના પેટા નિયમ(૯) અનુસાર નગર રચના અધિકારી તરીકે ના નગર રચના યોજના નં.૧(શામળાજી)(પ્રથમ ફેરફાર)ની પ્રારંભિક યોજના અંગેના મારા નિર્ણયો તા.૦૩-૦૮-૨૦૨૬ને સોમવાર ના રોજ જાહેર કર્યા છે.

સદરહું કાયદાની કલમ-૫૨ની પેટા કલમ(૨) તેમજ કલમ-૬૪ની જોગવાઈઓ અનુસાર પ્રારંભિક યોજના સરકારશ્રીમાં મંજૂરી માટે સાદર કરવામાં આવી રહેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો, ૧૯૭૯ના નિયમ-૨૬ના પેટા નિયમ(૯)ની જોગવાઈ અનુસાર નગર રચના અધિકારી તરીકે જેતે પ્લોટ માટે લીધેલ મારા નિર્ણયોના ઉતારા નમૂનો-"ઠ"ની નકલ યોજનામાં સમાવિષ્ટ દરેક જમીન માલિકશ્રી ઓને તેમજ તેમાં હિત ધરાવનાર વ્યકિતઓને પહોંચાડવાની તજવીજ કરવામાં આવી રહેલ છે.

તૈયાર કરવામાં આવેલ ઉપરોક્ત પ્રારંભિક યોજનાની સંપૂર્ણ માહિતી, નકશાઓ તેમજ નિર્ણયોની એક નકલ નગર રચના અધિકારીશ્રીની કચેરીમાં રજાના દિવસો સિવાય કચેરી સમય દરમિયાન નિરીક્ષણ માટે ખુલ્લા રાખવામાં આવેલ છે. સદરહું યોજનાની સમજણ આપવા માટે કચેરીમાં યોગ્ય વ્યવસ્થા કરવામાં આવેલ છે.

તારીખ : ૦૩-૦૮-૨૦૨૬

સ્થળ : મોડાસા

સહી/- અવાચ્ય
નગર રચના અધિકારી અને
નગર નિયોજક,
નગર નિયોજકશ્રીની કચેરી, અરવલ્લી શાખા

કચેરીનું સરનામુ :

નગર નિયોજકશ્રીની કચેરી, અરવલ્લી શાખા,
રૂમ નં. ૧૫ અને ૧૬, ૩૦૧, 'એ' બ્લોક, બીજો માળ,
જીલ્લા સેવા સદન, મોડાસા. જી. અરવલ્લી.
પિન કોડ - ૩૮૩૩૧૫.

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2026.08.04 13:54:50 IST